# ડીસા માર્કેટયાર્ડ દ્વારા નૂતન વર્ષે મુખ્ય પ્રવેશદ્વાર અને ચુનીકાકા અતિથિ ગૃહની ભેટ

પાલનપુર, તા. ૧૬

ડીસા માર્કેટયાર્ડ દ્વારા ડીસા-પાલનપુર હાઈવે પર અદ્યતન



સુવિધાસભર બનાવવામાં આવેલ મુખ્ય પ્રવેશદ્વાર અને ચુનિકાકા અતિથિ ગૃહને નવા વર્ષે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ત્યારબાદ વેપારી એસોશીએશન હોલ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને પ્રથમ વખત સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સહકારી આગેવાનો, ખેડૂતો, વેપારીઓ, હમાલ-તોલાટ ભાઈઓ અને સ્નેહીજનોએ એકબીજાને પરસ્પર નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉત્તર ગુજરાતમાં વેપાર ક્ષેત્રે નામના ધરાવતા અને બનાસકાંઠા જીલ્લાની મહત્ત્વની સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા છેલ્લા બે વર્ષથી ખેડૂતો તેમજ વેપારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણની સાથે સાથે માર્કેટયાર્ડના વિકાસની પણ જયોત પ્રજ્જવલીત કરી છે. ચેરમેન માવજીભાઈ દેસાઈની આગવી સૂઝબૂઝથી અતિ મહત્ત્વના ડીસા-પાલનપુર હાઈવે પર અદ્યતન સુવિધાસભર મુખ્ય પ્રવેશદ્વાર અને અતિથિગૃહનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે નૂતનવર્ષે ટેટોડા ગૌશાળાના બ્રહ્મચારી રામરતનજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે મુખ્ય પ્રવેશદ્વારને રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જયારે ડીસા માર્કેટયાર્ડ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપનાર ડીસા એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન સ્વ. ચુનીકાકા પટેલની યાદમાં બનાવવામાં ચુનીકાકા અતિથિગૃહને તેમના પુત્ર દિલીપભાઈ પટેલ અને પ્રવિણભાઈ પટેલના હસ્તે રીબીન કપાવી ખુલ્લું મુકાયું હતું.

ત્યારબાદ વેપારી એસોશીએશન હોલ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાનેસ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં સહકારી આગેવાનો, ખેડૂતો વેપારીઓ તેમજ હમાલ-તોલાટ સહિત સ્નેહીજનોએ એકબીજાને પરસ્પર શુભેચ્છાઓ પાઠવી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.



**ગ્રામીણ પરંપરા** - ભારતીય સંસ્કૃતિ આજે પણ ગામડાઓમાં અકબંધ છે. દિવાળીના પર્વોમાં મશાલના પ્રતિક રૂપ પ્રકાશ પ્રસરાવવાની ગ્રામીણ પરંપરા સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે પથાળ છે નાના બાળકો અને કિશોરો મશાલના સ્વરૂપે શેરડીના સાઠામાં માટીના કંપથી બનાવેલી મશાલમાં જયોત બનાવી ઘરે ઘરેથી તેલ પુરાવાની અર્થાત સહયોગ માગવાની એક અનોખી શૈલી નિર્માણ થઈ છે. કાગ માંણીમાં તેલ પુરાવોના કાલાઘેલા શબ્દો સાથે સૌનો સાથ લઈ પ્રકાશ પ્રસરાવવાનો આ અનોખો સંદેશ આપતી ગ્રામીણ સંસ્કૃતિના સીધા દર્શન આપતી ઉત્તર ગુજરાતના ગામડાઓમાં પ્રાંતિજની આ તસવીર ઉત્તર ગુજરાત અને ગુજરાત ગ્રામીણ વિસ્તારની પરંપરાઓનું પ્રતિબિંબ પાડે છે.

# સાબરકાંઠા જિલ્લામાં સૌ પ્રથમ કોંગ્રેસને દલપુર તાલુકા પંચાયતની બેઠક બિનહરિફ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ તાલુકા પંચાયતની ૨૦ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા. પરંતુ તેમાં ૪-દલપુર બેઠકના ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારે પોતાની જાતિના દાખલા અન્ય રાજ્યના રજુ કર્યા હોવાથી બંનેના ફોર્મ રદ થયા હતા. ત્યાર બાદ રવિવારે આ બંને ઉમેદવારોને તાલુકા ચૂંટણી અધિકારીએ સાંભળ્યા બાદ નિર્ણય જાહેર કર્યો હતો. જોકે દલપુર બેઠક માટે ભાજપે એક પણ ડમી ફોર્મ ભર્યુ ન હતુ. જ્યારે કોંગ્રેસે ડમી ફોર્મ ભર્યુ હોવાથી તેમને સોમવારે બિનહરિફ જાહેર કરાશે. આ અંગે તાલુકા ચૂંટણી અધિકારી અજય પટેલના જણાવ્યા મુજબ ૪-દલપુર બેઠક માટે કોંગ્રેસના કમળાબેન મરતાજી બરંડા અને ભાજપના શાંતાબેન લક્ષ્મણભાઈ ખાંટે પોતાની ઉમેદવારીપત્રો ભર્યા હતા. પરંતુ આ બંને ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્ર સાથે જે જાતિના દાખલા રજુ કર્યા હતા તે ગુજરાત સિવાય અન્ય રાજયના હોવાથી બંનેના ઉમેદવારીપત્રો રદ કરવાનો નિર્ણય શનિવારે લેવાયો હતો. ત્યાર બાદ રવિવારે આ બંને ઉમેદવારોને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા અને તેમના ઉમેદવારીપત્રો રદ થયા હોવાની લેખિત જાણ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ અંગે શનિવારે દલપુરના ચંદુભાઈ ખોડાભાઈ પટેલે તાલુકા ચૂંટણી અધિકારી સમક્ષ વાંધો રજુ કર્યો હતો. જે આધારે ચર્ચા-વિચારણા બાદ નિર્ણય લેવાયો હતો.

બીજી તરફ કોંગ્રેસ દ્વારા ડમી ઉમેદવાર તરીકે ગંગાબેન અરવિંદભાઈ બરંડાએ ફોર્મ ભર્યુ હોવાને કારણે તેમની સામે ભાજપના કોઈ ઉમેદવાર ન હોવાથી સત્તાવાર રીતે ગંગાબેનને બિનહરિફ જાહેર કરવામાં આવ્યા હતા.. ચૂંટણી વિભાગના આ નિર્ણયને લઈને કોંગ્રેસીઓમાં ઘેલમાં આવી ગયા છે. જ્યારે ભાજપ છાવણીમાં સોંપો પડી ગયો હતો.

# નોટા અંગે મતદારોને જાગૃત કરવાનો મામલો હાઈકોર્ટમાં

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં સ્થાનિક ચુંટણીના આડે ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે નન ઓફ એબોવ (નોટા)ની જોગવાઈને લઈને મતદારોને વધારે માહિતી આપવામાં આવી રહી નથી તેવી વ્યાપક ફરિયાદો સપાટી ઉપર આવી છે. આ સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં પણ મામલો પહોંચી ચુક્યો છે. તાકીદે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ચલાવતીવેળા રવિવારના દિવસે પણ હાઈકોર્ટમાં સુનાવણી ચાલી હતી. જે દરમિયાન હાઈકોર્ટે નોટાના સંદર્ભમાં મતદારોની અંદર જાગૃતિ જગાવવામાં બેદરકારી બદલ રાજ્ય ચુંટણીપંચ પાસેથી સ્પષ્ટીકરણની માંગણી કરવામાં આવી હતી. અરજીદારના વકિલ કેઆર કોસ્ટીએ કોર્ટ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ચુંટણીપંચે તેની ફરજ યોગ્ય રીતે અદા કરી નથી. મતદારોની અંદર નોટાના સંદર્ભમાં માહિતી ફેલાવવામાં આવી રહી નથી. નોટાની વાત છે ત્યાં સુધી મતદારોના અધિકારને લઈને ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. અરજીમાં એવી પણ દલીલ કરાઈ હતી કે, જાહેર સ્થળો ઉપર નોટાના સંદર્ભમાં કોઈપણ પોસ્ટરો પણ નજરે પડતા નથી. અથવા તો રેડીયો અથવા ટેલિવીઝન ઉપર નોટાના સંદર્ભમાં કોઈ જાહેરાત પણ દેખાતી નથી. રાજ્ય ચુંટણીપંચની આ ફરજમાં આવે છે કે તે સંદર્ભમાં પણ જન જાગૃતિ જગાવવામાં આવે. આ સંદર્ભમાં રાજ્ય ચુંટણીપંચની એફિડેવીટ દાખલ કરવા માટે સુચના આપવામાં આવી છે.

# ૨૪ જિલ્લા-મહાનગરોની ૯૪ બેઠક પર ભાજપ બિનહરીફ

## ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર કરાયા ઠાસરા નગરપાલિકામાં ભાજપનું ફરી શાસન

અમદાવાદ, તા.૧૬

ભાજપ પ્રદેશ પ્રવકતા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૨૨ નવેમ્બર અને તા.૨૯ નવેમ્બર યોજાનારી સ્થાનિક સ્વરાજયની મહાનગરપાલિકા, જીલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયામાં મતદાન પહેલાના તબક્કામાં ભાજપના ઉમેદવારોને લાભપાંચમે વિજયના ગણેશ બદલ અભિનંદન પાઠવ્યા છે. બિનહરીફ થયેલી બેઠકોની વિગતો આપતા જાડેજાએ જણાવ્યું હતું કે, આ મહિને યોજાનારી સ્થાનિક સ્વરાજયની સામાન્ય અને પેટાચૂંટણીમાં ૨૨ જીલ્લા પંચાયત, ૫૩ તાલુકા પંચાયતો અને ૩૩ નગરપાલિકાની બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ અગાઉ મહાનગરપાલિકાની વડોદરા શહેરની એક બેઠક અને સુરત શહેરની એક બેઠક એમ ૦૨ મહાનગરપાલિકાની કુલ ૦૨ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ખેડા જીલ્લાની ઠાસરા નગરપાલિકાની ૨૧ બેઠકો પૈકી ૧૪ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ૦૬ બેઠકો પર બિનહરીફ ચૂંટાઈ આવતા ભાજપનું સંખ્યાબળ ૧૧નું થતા ભાજપાએ ઠાસરા નગરપાલિકા પુનઃકબજે કરી છે. જાડેજાને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં બિનહરીફ બેઠકો એ ભાજપાને વ્યાપક જનસમર્થનની પારાશીશી છે. તેમ જણાવી ઉમેર્યું હતું કે, આગામી ચૂંટણીમાં ભાજપાનો કેસરીયો સમગ્ર રાજયમાં લહેરાશે ભાજપાએ ઉમેદવારીની પસંદગી, ચૂંટણી પ્રચાર અને બેઠકો બિનહરીફ થવામાં અગ્રિમ રહી છે. શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં સમગ્ર રાજયના જીલ્લાઓમાં બેઠકો બિનહરીફ થઈ છે અને ભાજપાના ઉમેદવારોને રાજયમાં મળી રહેલો વ્યાપાક આવકાર ભાજપાને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજયી બનાવશે તે નિશ્ચિત છે તેમ જાડેજાએ ઉમેર્યું હતું.



સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને અનુસંધાને કોંગ્રેસના કાર્યાલયપર કોંગ્રેસના ઉમેદવારોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

# અમદાવાદ દેશનું સ્વચ્છતમ્ શહેર બને તે માટે આયોજન

અમદાવાદ, તા.૧૬

કર્ણાવતી મહાનગર શહેર સંગઠન પ્રમુખ રાકેશભાઈ શાહે એક નિવેદનમાં જણાવ્યું છે કે કર્ણાવતી મહાનગરને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નનું સ્વચ્છતમ શહેર બનાવવા છેલ્લા દસ વર્ષમાં ભાજપા પ્રશાસને કોર્પોરેશનમાં અભૂતપૂર્વ કાર્યો તથા દીર્ઘકાલીન આયોજન કર્યા છે. જુદા-જુદા ઝોનમાં વિવિધ પધ્ધતિ અનુસાર આજે દૈનિક ધોરણે ૧૨૦૦ કરતાં વધુ વાહનો દ્વારા ૪૦૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે.

સફાઈ કામદારો દ્વારા ડોર ટુ ડમ્પ પદ્ધતિ અનુસાર ઘેર-ઘેરથી કચરો એકત્રિત કરવો, રોડની સફાઈ કરવી, સ્વીપીંગ મશીનો દ્વારા રોડની સફાઈ, ઘન કચરો-કન્સ્ટ્રક્શન વેસ્ટ- હોટલ રેસ્ટોરન્ટના કીચન વેસ્ટ-હોસ્પિટલોનો બાયોમેડીકલ વેસ્ટ- મૃત જાનવરો તથા પુજાપાનો ધાર્મિક કચરો વગેરેનું એકત્રીકરણ કરી તેના આખરી નિકાલની સઘન કામગીરી દૈનિક ધોરણે કરાઈ રહી છે. ૩૦૦ મેટ્રીક ટન માટી તથા પુરણી, ૧૬ જેટલી જુદી તારવવામાં આવેલી ડમ્પીંગ સાઈટસ પરથી ૯૦૦ થી વધારે વાહનો દ્વારા એકત્રીત કરવામાં આવે છે. શહેરમાં હાલમાં પાંચ ટ્રાન્સફર સ્ટેશન કાર્યરત છે. વધુ ત્રણ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનો તૈયાર થઈ રહેલ છે.

પીરાણા ઓપન ડમ્પીંગ સાઈટસના કચરાના સાયન્ટીફીક કલોઝરની પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે. મરમ પામતા નાના-મોટા જાનવરો, મીટ માર્કેટ, ફીશ માર્કેટ તથા સ્લોટર હાઉસના અંદાજીત પંદર મેટ્રીક ટન કચરાનો ખાડા ખોદીને આખરી નિકાલ કરવાની જગ્યાએ વૈજ્ઞાકિ ઢબે નિકાલ કરવાનું આયોજન છે. સાબરમતી નદીમાં એકઠા થતાં ફલોટીંગ વેસ્ટને એકત્ર કરીને નિકાલ કરવા સારુ અદ્યતન સાધનોનો ઉપયોગ કરાશે.

# મજરા ગામે ભૈરવદાદાના મંદિરે દિપાવલી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ

## ૫૦૦ વર્ષ પહેલાં ઉજવાતો દિપાવલી મહોત્સવ આજે પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે : દિવાળી, બેસતુંવર્ષ અને ભાઈબીજના દિવસે તાલુકા સહિત જિલ્લામાંથી દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટી પડે છે





પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે આવેલા ભૈરવદાદાના મંદિરે ૫૦૦ વર્ષથી ચાલી આવતી પ્રથા આજે પણ યંત્ર યુગમાં જોવા મળી રહી છે અને દિપાવલી મહોત્સવની ધામધૂમથી ઉજવણી થાય છે તાલુકા સહિત જિલ્લામાંથી હજારોની સંખ્યામાં ભક્તો દર્શન કરી બાધા પૂર્ણ કરી ધન્યતા અનુભવે છે.

પ્રાંતિજ-અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા ગામે ૫૦૦ વર્ષ પહેલા ભૈરવદાદાના મંદિરે દિપાવલી મહોત્સવની શરુઆત થઈ હતી જે આજે પણ દિવાળી, બેસતુંવર્ષ, ભાઈબીજ એમ ત્રણ દિવસ સુધી ધામધૂમથી ઉજવવામાં આવે છે.

જયારે ભૈરવદાદાના મંદિરે ભક્તો માનતા માને છે અને માનતા પૂર્ણ થતા ફૂલોના ગરબા કે તેલની માનતા હોવાથી અહીં માનતા પૂર્ણ કરવા આવે છે અને ત્રણ દિવસમાં ૧૦૦ થી પણ વધારે તેલના ડબ્બા ભક્તો દ્વારા ચડાવવામાં આવે છે જયારે મંદિર વ્યવસ્થા સ્થાપન દ્વારા ત્રણ દિવસ માટે ગરબાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ભૈરવદાદાના ચોકમાં વિવિધ ગાયક કલાકારો સાથે સંગીતના તાલે ગરબા યોજાય છે. જે લાઈન આજે પણ એક કિલોમીટર જેટલી વધારે જોવા મે છે. જયારે પ્રાંતિજ સહિત તાલુકાના વડકણ, સીતવાડા, અમીનપુર બોરીયા, ચંદ્રાલા, અમીનપુર, સોનાસણ સહિત વગેરે ગામો સહિત જિલ્લામાંથી ભક્તોનું ઘોડાપુર ત્રણ દિવસના આ કાર્યક્રમે ઉમટી પડે છે.

# સીસોદરા (મેઘાઈ) ગામે પ્રાચીન પરંપરાઓ મુજબ ઉજવાતું અનોખું નવું વર્ષ!

ઈસરી, તા.૧૪

મેઘરજ તાલુકાથી પાંચ કીમી અંતરે વાત્રક નદીના કિનારે વસેલું રમણીય ગામ કે જયાં આજે પણ પ્રાચીન પરંપરાઓ મુજબ દિવાળી પછી બીજા દિવસે બેસતું નવું વર્ષ કે જયાં આજે પણ ગામના શાહુકાર તેમજ ક્ષત્રિય સમાજ અને લઘુમતી સમાજના માણસો એકત્ર થઈ બધા સાથે ભેગા મળી હવન પુજા કરે છે. આ હવનમાં આજુબાજુ ગામના લોકો પગપાળા ભજન મંડળી લઈ ધજાઓ, ઢોલ, તબલાં અને મંજીરા સાથે વાજતે ગાજતે નાચતા નાચતાં અને પ્રાચીન ગીતો લલકારતા પગપાળા આ ભાથીજીના મંદિરે આવે છે. અહીં આવી ધજા શ્રીફળ અને પુજાની સામગ્રી ભાથીદાદાને ચઢાવે છે. આ નાનકડા ગામમાં આજે પણ કોમી એકતાના દર્શન થાય છે જયાં આ મંદિરે આજે પણ ગામના લઘુમતી કોમના મુસ્લિમ ભાઈઓ અને અગ્રણીઓ પણ આ મંદિરે શ્રીફળ ચઢાવે છે.





આ ભાથીદાદાના મંદિરની આજુ બાજુ અસંખ્ય પ્રમાણમાં ક્ષત્રિય ભાઈઓ વસે છે. આ મંદિરે સીસોદરા (મેઘાઈ) ગામના આજુ બાજુ ગામોના અસંખ્ય ભકતો અહીં શ્રીફળ, ચુંદડી અને ધજા ચઢાવવા દુર દુરથી હર્ષોલ્લાસ સાથે આ મંદિરે આવે છે. આ મંદિરની પરંપરા એ છે કે આ દિવસે માનવામાં આવતી માનતા અને મનોકામના ચોકકસ પૂર્ણ થતી હોવાથી ગામે ગામેથી ભકતોનું ઘોડાપુર ઉમટે છે. આ મંદિરે આજુ બાજુ ગામના ભકતો પોતાના અલગ અલગ ભજન મંડળો સાથે અને બધા જ ગામના ભકત મંડળો એકત્ર થઈ પ્રથમ પુજા અને હવન કર્યા બાદ આ ભકતો દ્વારા પ્રાચીન ભકિતના ભજનો પણ ગાવામાં આવે છે. આ મંદિરે આવતા તમામ ભકતો પોતાની સાથે ઘી, ગોળ, લોટ અને સાકર લઈને આવે છે અને આ બધી સામગ્રી એકત્ર કરી અંતે આ સામગ્રીમાંથી ચોખ્ખા ઘી ની બનાવેલી સુખડીનો ભોગ ચઢાવવામાં આવે છે અને ત્યાર બાદ સુખડી, સાકર અને શ્રીફળ ભકતજનોમાં પ્રસાદ સ્વરૂપે વેચવામાં આવે છે ત્યારબાદ તમામ ભકતો એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આમ આવી પ્રાચીન પરંપરાઓ મુજબ આ નવું વર્ષ આ ગામમાં ખુબ જ આનંદ પર્વ તરીકે સૌ સાથે ભેગા મળી હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે.

# ધોરણ-૧૦ માટે આવેદનપત્રમાં સુધારાની તારીખ ૮મી રહેશે

## ઓનલાઈન સુધારા માટે કોઈપણ પ્રકારની લેટ ફી લાગશે નહીં : ફોર્મ ભરાઈ જશે તે મુજબની જ ફી લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તમામ શાળાઓને માર્ચ ૨૦૧૬ની બોર્ડની પરીક્ષાના આવેદન પત્રમાં ઓનલાઈન સુધારા કરવા માટેની અંતિમ તારીખ અંગે માહિતી આપી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ધોરણ-૧૦ના આવેદન પત્રમાં સુધારા કરવાની તથા લેટ ફી સાથે આવેદન પત્ર ભરવાની અંતિમ તારીખ આઠમી ડિસેમ્બર રહેશે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના આવેદનપત્રમાં સુધારા કરવાની તથા લેટ ફી સાથે આવેદન પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે. પરીક્ષાના આવેદનપત્રોમાં સુધારા કરવા માટે આચાર્યોની મંજુરીનું ટિક માર્ક કાઢી નાંખીને સુધારા કરી શકાશે. ત્યારબાદ ફરીથી આચાર્યોની મંજુરીનું ટિક માર્ક કરી દેવાનું રહેશે. જો પ્રિન્સીપાલની મંજુરીનું ટિક માર્ક રહેશે નહીં તો આવેદન પત્રો બોર્ડ દ્વારા સ્વિકારવામાં આવશે નહીં.

લેટ ફી તથા લેટ ફી સમયગાળાની વાત કરવામાં આવે તો સ્લેબ-૧ માં લેટ ફી ૨૫૦ રૂપિયા રહેશે અને ધોરણ-૧૦માં આ ગાળો નવમી નવેમ્બરથી ૧૮મી નવેમ્બર વચ્ચેનો રહેશે. બોર્ડ દ્વારા અંતિમ તારીખ બાદ કોઈપણ પ્રકારના સુધારાને સ્વિકારવામાં આવશે નહીં. બોર્ડ દ્વારા જણાવાયું છે કે આવેદનપત્રોમાં કોઈપણ પ્રકારના સુધારાઓ નક્કી કરવામાં આવેલી તારીખોના ગાળામાં જ કરી શકાશે. અત્રે નોંધનીય છે કે, શાળાઓ દ્વારા ભરવામાં આવતા ચલણની એન્ટ્રી બોર્ડ દ્વારા બેંક સાથે ચકાસવામાં આવે છે. ભરવામાં આવેલી રકમ બાદ અંતિમ તારીખ સુધી બાકી રહેતી ચલણની એન્ટ્રી કરી શકાશે.

## ભીષણ હવાઈ હુમલા

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

આતંકવાદી કેમ્પો પર બોંબ ઝિંકવામાં આવ્યા હતા. પેરિસમાં થયેલા ત્રાસવાદી હુમલાની જવાબદારી આઈએસ દ્વારા લેવામાં આવી હતી. પેરિસમાં કરવામાં આવેલા હુમલા પહેલા ફ્રાન્સ સિરિયામાં કેટલીક હદ સુધી પોતાના હવાઈ હુમલાને મર્યાદિત રાખ્યા હતા. જો કે હવે જોરદાર હુમલા શરૂ કરી દીધા છે. ફ્રાન્સના હુમલા સિરિયાના રક્કા શહેર પર થઈ રહ્યા છે.

ઉત્તર સિરિયાના આ શહેરને ઈસ્લામિક સ્ટેટ પોતાના પાટનગર તરીકે ગણે છે. ફ્રાન્સના સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે હવાઈ હુમલામાં ઈસ્માલિક સ્ટેટના એક કમાન્ડ અને તેના ટ્રેનિંગ કેમ્પને ફુંકી મારવામાં સફળતા મળી છે. ફ્રાન્સના ભીષણ હવાઈ હુમલાની તાકાતનો અંદાજો આનાથી જ મળી જાય છે કે હવાઈ હુમલામાં ૧૨ યુદ્ધ વિમાનો સામેલ છે. જેમાં ૧૦ બોમ્બની વર્ષા કરનાર વિમાનો છે.લશ્કરી કાર્યવાહીના ભાગરૂપે ૨૦થી વધારે બોમ્બ ઝીંકવામાં આવ્યા હતા.

## ભારે વરસાદ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

નાગાપટ્ટનીમ જિલ્લામાં આજે ભારે વરસાદ યથાવત રીતે જારી રહ્યો હતો. સેંકડો એકડ વિસ્તારમાં ડાંગરના પાકને પણ નુકશાન થયું છે. નાગાપટ્ટીનમ જિલ્લામાં બે ઈંચથી પણ વધુ વરસાદ આજે નોંધાઈ ગયો હતો. ૧૦ હજારથી પણ વધુ માછીમારોને ચોથા દિવસે દરિયામાં ન જવા માટે સુચના આપવામાં આવી છે.

ઈમરજન્સી સર્વિસ માટે પણ કેટલીક સેવાઓ શરૂ કરવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ત્રણ ટીમો પણ રાખવામાં આવી છે. પરિસ્થિતિ ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે. કોયંબતુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ શહેરના બિગબજાર વિસ્તારમાં ૬૦ વર્ષ જુની ઈમારતમાં પ્રથમ માળને ભારે નુકશાન થયું છે.અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

તમિળનાડુમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા વરસાદના કારણે લોકો સામે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. પાટનગર ચેન્નાઈમાં ભારે વરસાદ બાદ અનેક વિસ્તારમાં પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. જેના કારણે અનેક ટ્રેનો રદ કરી દેવામાં આવી છે. શ્રેણીબદ્ધ ફલાઈટને રદ કરવાની ફરજ પડી છે. અનેક ફલાઈટોને મોડેથી ઉડાણ ભરવાની ફરજ પડી છે. તમિળનાડુમાં અનેક વિસ્તારોમાં સ્કુલ અને કોલેજને બંધ રાખવાની ફરજ પડી છે. આ તમામ કારણોસર પાટનગર ચેન્નાઈની સાથે સમગ્ર રાજ્યમાં જનજીવન ઠપ થઈ ગયુ છે.

## ત્રિકોણીયો જંગ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહ્યા છે. આ બન્ને બેઠક પર ત્રીજા ઉમેદવાર તરીકે બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવારો મેદાનમાં છે તે એક યોગાનુયોગ છે.

આ ઉપરાંત માણસા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતિ જાગૃતિબેન પટેલ પણ જિલ્લાની લોદરાની બેઠક પર ત્રિકોણીય જંગ લડી રહ્યા છે.

પંચાયતની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર પાછી ખેંચવાની અંતિમ ક્ષણે આ ચિત્ર ઉપસ્યુ છે.

જિલ્લાની ૮ બેઠકો પર ત્રિકોણીય જંગ છે. જેમાં ત્રણ બેઠકો પૂર્વ પ્રમુખોની છે. આ વખતનો ચૂંટણી જંગ આગામી દિવસોમાં વધુ રોચક બનશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે. જિલ્લામાં ૨૦ બેઠકો પર ભાજપ કોંગ્રેસની સીધી ટક્કર હોઈ હવે બન્ને પક્ષો આક્રમક પ્રચાર અભિયાન હાથ ધરશે તેમ પણ આ નિરીક્ષકો માની રહ્યા છે.

## ત્રણ તાલુકા પંચાયત

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિજેતા જાહેર થયેલ છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં અત્યાર સુધીમાં ત્રણ બેઠકો બિનહરિફ થઈ છે. જેમાં બે તાલુકા પંચાયતની અને એક જિલ્લા પંચાયતની બેઠકનો સમાવેશ થાય છે. આ ત્રણ બિનહરિફ બનેલ બેઠકોમાં જિલ્લા પંચાયતની બેઠક ભાજપને મળી છે. જ્યારે તાલુકા પંચાયતની બે બેઠકો કોંગ્રેસને ફાળે ગઈ છે.

બિનહરિફ થયેલી ત્રણ બેઠકોમાં બે મહિલા ઉમેદવારો વિજયી બની છે જે એક નોંધનીય ઘટના છે.

**ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર કચેરીમાં સફાઈ કામગીરી માટેના ભાવો મંગાવવામાં આવે છે.

૧. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૧/૧૧/૨૦૧૫
૨. ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૪/૧૧/૨૦૧૫
૩. ટેન્ડરો ખોલવાની તારીખ : ૨૭/૧૧/૨૦૧૫, ૧૨ કલાકે
૪. ટેન્ડર ફી : રૂ. ૫૦/-

સંપૂર્ણ ભરેલ ભાવપત્રક તા. ૨૪/૧૧૨૦૧૫ના ૧૭-૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ સરનામે મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

નિયામક, ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નં. ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧
ફોન : ૦૭૯-૨૩૨૫૭૬૫૬

માહિતી/૧૮૫૪/૧૫-૧૬